Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૩ મું. | આત્મ સં. ૫૦ | સંવત ૨૦૦૧.

અંક ૩ જો. | આશ્વિન : ઓકટોબર

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ અંકમાં


| | | |
|---|---|---|
| ૧ પેટ્રન સાહેબનો જીવન પરિચય. | ( પ્રથમ પાને ) | |
| ૨ દીપોત્સવી સ્તવન. | ( શ્રી હેમેન્દ્રસાગરજી ) | ૩૭ |
| ૩ કવિ કેમ બનાય ? | ( મુનિશ્રી ધુરન્ધરવિજયજી ) | ૩૮ |
| ૪ બેદરકારીનો ભોગ. | ( રા. ચોકસી ) | ૪૧ |
| ૫ શ્રી સિદ્ધચક્રજીનું અપૂર્વ મહાત્મ્ય. | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી ) | ૪૪ |
| ૬ પંજાબ વર્તમાન સમાચાર. | | ૪૮ |


### આ માસમાં નવા થયેલ માનવંતા સભાસદો.

| | | | | |
|---|---|---|---|---|
| ( ૧ ) | શેઠ સાહેબ અમૃતલાલભાઈ કાળીદાસ | | મુંબઈ | પેટ્રન સાહેબ |
| ( ૨ ) | શેઠ દેવચંદ પૂનમચંદ ( પાટણ ) | (૧) | ,, | લાઇફ મેમ્બર |
| ( ૩ ) | મહેતા ડાહ્યાલાલ છગનલાલ ( ચિતળ ) | (,,) | ,, | ,, |
| ( ૪ ) | શાહ રતિલાલ ગુલાબચંદ ( વઢવાણ ) | (,,) | ,, | ,, |

## ગુજરાતી ભાષાના તૈયાર થતાં ગ્રંથો.

### ૧ શ્રી વસુદેવ હિંડી ગ્રંથ. ( શ્રી સંઘદાસ ગણિકૃત ભાષાંતર. )

તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાદતરૂપ આ ગ્રંથની સુમારે પાંચમા સૈકામાં તેની રચના થયેલી છે. મૂળ ગ્રંથનું બહુ જ પ્રયત્નપૂર્વકનું સંશોધનકાર્ય સદ્ગત મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય **મુનિરાજ શ્રી પુણ્યવિજયજી** મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. સાક્ષરવર્યશ્રી **આનંદશંકર** બાપુભાઈ ધ્રુવ સાહેબે આ સભામાં એક વખત પધારી જણાવ્યું હતું કે—આ ગ્રંથનું મૂળ અને ભાષાંતર શુદ્ધ કરી પ્રગટ કરનાર જે સંસ્થા હશે તેણે ખરી સાહિત્યસેવા કરેલી ગણાશે. ભારતનો ઇતિહાસ તૈયાર કરવા માટે અજોડ અને બહુ જ પ્રાચીન ગ્રંથ છે. આવા બહુમૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાન રા. રા. **ભોગીલાલ** જ. સાંડેસરા અમદાવાદવાળા પાસે તૈયાર કરાવેલ છે. કોઈ પુણ્યવાન અને સુકૃતની લક્ષ્મી પામેલ જૈન બંધુનું નામ આ ગ્રંથમાં ફોટો અને જીવનચરિત્ર સાથે જોડાય તેમ ઇચ્છીએ છીએ. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી, અનેક જાણવાયોગ્ય વિષયો અને સુંદર કથાઓ આવેલી છે.

આ ઉત્તમોત્તમ અને સર્વમાન્ય ગ્રંથ-સાહિત્યની સેવા કરવાનો પ્રસંગ ભાગ્ય વગર સાંપડતો નથી. સહાય આપનાર બંધુની ઇચ્છા મુજબ આ ગ્રંથનો ઉપયોગ સભા કરી શકશે.

## છપાતાં ગુજરાતી ગ્રંથો.

**૨ કથારત્નકોષ.**
**૩ શ્રી સંઘપતિ ચરિત્ર.**
**૪ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.**
**૫ શ્રી મહાવીરદેવના વખતની મહાદેવીઓ.**
**૬ શ્રી શાંતિનાથ ચરિત્ર.**

જે કે છપાઈ રહેતાં શુમારે અઢી હજાર પાનાનું સુંદર વાંચન થશે. આવી સખ્ત મોંઘવારી છતાં સભા આ ઉત્તમોત્તમ સુંદર સાહિત્યના પ્રકાશનનું કાર્ય ઉદ્દેશ પ્રમાણે કરે છે.

નાં. ૧-૫-૬ માં આર્થિક સહાય આપનાર બંધુઓનું જીવનચરિત્ર ફોટા સાથે આપવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના માનવંતા પેટ્રન સાહેબ

465



જૈન નરરત્ન શેઠ સાહેબ શ્રી અમૃતલાલભાઈ કાળીદાસ–અમદાવાદ
( હાલ મુંબઈ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમાન શેઠ અમૃતલાલ કાલીદાસ.

## ( આછો જીવનપરિચય )

'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' ગુજરાતીઓની સંસ્કાર-પ્રીતિ અને સંસ્કારરક્ષાની જ્વલંત ભાવનાનું કવિશ્રી ખબરદારે આ પંક્તિદ્વારા કરેલું વર્ણન તેમની ખબરદારીના ખ્યાલ રજૂ કરે છે. ગુજરાતના સદ્ભાગ્યે સાંપડેલા અનેક યુગપુરુષોની આદર્શ ભાવનાઓને ઝીલીને એને મૂર્તિમન્ત સ્વરૂપ આપવા અનેક ગરવા ગુજરાતીઓ ખડે પગે તત્પર રહ્યા છે. પોતાના સંસ્કારની સુવાસ તેમણે જગતભરમાં પ્રસરાવી છે અને જે ધરતી પર ગુજરાતીએ પગ મૂકયો છે તે ધરતી પર નાનકડું ગુજરાત ખડું કરવાના મનોરથો પાછળ તેમનો અતૂટ પુરુષાર્થ ખર્ચાયો છે. ગુજરાતનું આ ગૌરવ છે અને તેની આવતી કાલ દેદીપ્યમાન ભૂતકાળ કરતાં પણ વધુ જાજવલ્યમાન બનાવવા મથતી ગૌરવશાળી ગુજરાતીઓની કતાર કાળના કરાળ કોતરોમાં પોતાના પુરુષાર્થની યશગાથા અંકિત કરી રહી છે.

ગરવા ગુજરાતીઓની આજની આખી કતારમાં શેઠશ્રી અમૃતલાલ કાલીદાસ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. મિત્રો અને નિકટના સ્નેહીવર્ગમાં **અમુભાઈ**ના હુલામણા નામથી ઓળખાતા શેઠ અમૃતલાલ કાળીદાસનો જન્મ રાજનગર(અમદાવાદ)માં ઇ. સ. ૧૮૮૭માં થયો હતો. ગુજરાતના ઇતિહાસમાં મહત્વનો ભાગ ભજવનાર જૈન વીશા ઓસવાળ જ્ઞાતિના આ સુપુત્ર રાજનગરના કીર્તિવંત નગરશેઠ કુટુંબના વંશજ હોઇને અસલી ખાનદાની અને ઉચ્ચ સંસ્કારોની ભેટ તો પયપાન સાથે જ તેમણે મેળવેલી. એ જમાનામાં શિક્ષણ દુષ્પ્રાપ્ય હતું છતાં અમદાવાદમાં જ તેમણે પ્રાથમિક તેમજ માધ્યમિક કેળવણી લીધી અને ત્યારબાદ રાજનગરમાં ઝવેરાતના વ્યાપારમાં ઝંપલાવ્યું,–આસમાન સમા ઉત્સાહે ઉછળતા આ નૌજવાનને પોતાની મહત્વાકાંક્ષાઓ સંતોષવા માટે અમદાવાદ અને ઝવેરાતના વ્યવસાયના ક્ષેત્રો નાનકડાં–સાંકડાં પડે એ સ્વાભાવિક હતું. સાહસપ્રિય સ્વભાવથી પ્રેરાઇને તેમણે મુંબઇના શેર બજાર તરફ નજર માંડી અને ઇ. સ. ૧૯૦૬માં શેર બજારમાં પોતાનું સ્થાન જમાવ્યું. ઇ. સ. ૧૯૦૯માં તેઓ શેર દલાલ બન્યા. સાહસ, સચ્ચાઇ, વ્યાપારી કુનેહ, હૃદય ઔદાર્ય, પ્રામાણિકતા અને ન્યાયપ્રિયતાએ શેર બજારમાં તેમનો કપરો રાહ સરળ બનાવ્યો અને અતિ ટૂંક સમયમાં મિત્રોના પ્રિય અમુભાઇ, શેર બજારના અમુભાઇ શેઠ બન્યા. તેમની વિપુલ કાર્યશક્તિએ સહવ્યવસાયીઓનું પણ ધ્યાન ખેંચ્યું અને વીજળીની ઝડપે તેઓ આગળ આવ્યા. ઇ. સ. ૧૯૧૮થી તેઓ શેર બજારની વ્યવસ્થાપક સમિતિના સભ્ય છે. ઇ. સ. ૧૯૨૬માં પ્રથમ વાર તેઓ શેર બજારના ઉપ-પ્રમુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તરીકે ચુંટાયા અને ત્યારબાદ થોડાક સમય માટે પ્રમુખપદની આકરી જવાબદારી તેમણે સ્વીકારી અને શીરે ઉઠાવી. આજે ઇ. સ. ૧૯૪૯થી તેઓ ઉપ-પ્રમુખ પદે છે.

વ્યવસાયની આવી પંપાળ અને ખાનગી જીવનની મર્યાદાઓ વચ્ચે જ તેમનું વ્યક્તિત્વ અટવાયું નથી. નાગરિક જીવનમાં, રાજકારણમાં તેમજ જૈન સમાજમાં સેવાભાવી અને જાહેર તેમજ છુપી ઉદાર સખાવતોને કારણે તેમનું સ્થાન ઉન્નત છે. રાજકારણમાં તેઓ ગાંધીભક્ત અને મહાસભાવાદી છે, ગાંધીજીના સ્વદેશીના મંત્રના તેઓ ચુસ્ત અનુયાયી છે અને અનેક નવા સ્વદેશી ઉદ્યોગોને વિદેશીઓની કપરી હરિફાઇના જમાનામાં પણ તેમના તરફથી ટેકો મળતો રહ્યો છે. કોંગ્રેસની અનેકવિધ પ્રવૃત્તિઓમાં પણ રોજ-બ-રોજની જીવનમર્યાદાની અંદર રહીને શક્ય એટલો ફાળો તેમણે આપ્યો છે. સમાજસેવાનાં ક્ષેત્રોમાં પણ શેઠ અમૃતલાલભાઇનો ફાળો ઓછો નથી. અખિલ હિંદ જૈન સ્વયંસેવક પરિષદના પ્રમુખ તરીકે અને મુંબઇમાં મળેલ જૈન શ્વેતાંબર પરિષદના ચૌદમા અધિવેશનના સ્વાગતાધ્યક્ષ તરીકે તેમણે જૈન સમાજને આપેલી દોરવણીને આજે પણ સમાજના ડાહ્યા પુરુષો માન આપે છે. પરિષદના મુંબઇખાતેના સામાન્ય મંત્રી તરીકે તેમણે આપેલી વ્યાપક સેવાઓ અતિ ઉજ્વળ છે. તેઓશ્રી માંગરોળ જૈન સભાના પ્રમુખ, સારાભાઇ મોદી વિદ્યોત્તેજક મંડળના પ્રમુખ, યશોવિજયજી જૈન ગુરુકુળના ઉપ-પ્રમુખ અને મોતીશા લાલબાગ જૈન ચેરીટીઝના વ્યવસ્થાપક તરીકેનાં ગૌરવભર્યાં સ્થાન ધરાવે છે. શત્રુંજય-સમેતશિખરના કમનસીબ ઝઘડામાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ટ્રસ્ટી તરીકે તેમણે ભજવેલો મહત્ત્વનો ભાગ જૈન સમાજની તવારીખમાં અમર રહેશે; આમ છતાં તેમના ખ્યાલો જીવનના અણમૂલા અનુભવોથી ઘડાઇને નર્યા રૂઢિચુસ્ત રહ્યા નથી. જૈન સમાજની જ સેવાના મર્યાદિત-સંકુચિત ખ્યાલો તેમણે કદી સેવ્યા નથી, અનેક જાહેર કેળવણી વિષયક પ્રવૃત્તિઓ અને સમાજ ઉત્કર્ષના સત્કાર્યોને તેમના તરફથી સદા સાથ મળતો રહ્યો છે. તેઓશ્રીની સમાજસેવાની આ યશસ્વી અને પ્રેરક કારકીર્દી ઉપરાંત સ્વદેશી ઉદ્યોગક્ષેત્રમાં પણ તેમણે પ્રાપ્ત કરેલું ઉચ્ચ સ્થાન પ્રશંસનીય છે. હિંદની ઔદ્યોગિક અને વ્યાપારી શક્યતાઓનો તેમણે જબરા પ્રવાસો કરીને બારીક અભ્યાસ કર્યો છે અને એથી એ બાબતમાં એમના અભિપ્રાયને હંમેશા વજન અપાય છે.

મુંબઇની દેશી વ્યાપારી મંડળીના વ્યવસ્થાપક સમિતિના તેઓ સભ્ય છે, સેવાપરાયણતા અને ઉદારતા જેવા મહામુલા સદ્ગુણોથી વિભૂષિત થયેલું તેમનું જીવન અનેક રીતે પ્રેરક અને અનુકરણીય છે.

ગરવી ગુજરાતના ગૌરવાન્વિત સંતાનોમાં એમનું સ્થાન ઉન્નત રહ્યું છે અને રહેશે. ગુજરાતની અસ્મિતાના આવા જ્યોતિર્ધરોને પરમ કૃપાળુ પરમાત્મા દીર્ઘાયુષ્ય બક્ષો એ જ અભ્યર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૧. | આશ્વિન. | પુસ્તક ૪૩ મું. |
| વિક્રમ સં. ૨૦૦૧. | :: ઇ. સ. ૧૯૪૫ ઑકટોબર :: | અંક ૩ જો. |


## દીપોત્સવી સ્તવન.

( મેં બનકી ચીડીયાં બનકે... )

દીપમાલ સમ ઉજ્જવલ હૈયાં પ્રગટાવો રે,
ભવિ ગૃહ ગૃહ જિનવર મહાવીર ધૂન જગાવો રે—ટેક.

નૃપ હસ્તિપાળ સભામાં, શુભ દિવ્ય બોધ છટામાં,
ઉપદેશ પાન, અતિશ્રેષ્ઠ જ્ઞાન, પાવાપુરી પાવન થાય,
શુણુ એ ગાઓ રે. દીપ–૧

શુભ સોળ પ્રહરના બોધે, સ્વાતિમાં યોગ નિરોધે,
નિર્વાણપંથ પ્રભુ ભાગ્યવંત, સિધાવ્યા ઉત્તર રાતે,
નવ વિસરાવો રે. દીપ–૨

કાર્તિકની કૃષ્ણુ અમાસે, શુભ કેવળજ્ઞાન ઉજાસે,
નિર્વાણધામ શુભ રમ્ય ઠામ, પ્રભુ મહાવીરદેવ દીપાવે,
ધ્યાને લાવો રે. દીપ–૩

સુર રત્નદીપ પ્રગટાવે, ઉદ્યોત ભાવ ઉર લાવે,
આહાર ત્યાગ, પૌષધમાં રાગ, ગણુ અઢાર, નૃપ સૌ ઉલટ્યા,
એ ઉર લાવો રે. દીપ. ૪

ગૌતમને પુણ્ય પ્રભાતે, થયું કેવળજ્ઞાન સુજાતે,
ઉત્સવ અપાર જન દ્વાર દ્વાર, હેમેન્દ્ર અજિતપદ પ્યાસી,
અતિશય ભાવો રે. દીપ. ૫

મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કવિ કેમ બનાય ?

( ગતાંક પૃષ્ઠ ૨૨ થી શરૂ )

લેખક-મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજ.

કાવ્ય મનોહર છે. ખરેખર મનોહર છે. [1]સંસાર એ ઝેરી ઝાડ છે. તેના મીઠા અને અમૃત જેવા સરસ ફળ બે જ છે. એક સાહિત્યનો આસ્વાદ અને બીજું સજ્જનો સાથે સમાગમ. સજ્જનો સાથેના સમાગમમાં પણ તેમની પાસેથી સુભાષિત સાંભળવા મળે છે માટે જ એ મિષ્ટ છે અર્થાત્ સંસારમાં સુભાષિત-સૂક્તિ એ એક એવું અમૃત છે કે જે બીજા વિષને ઉતારી આત્માને અમર બનાવે છે. એવા સુધાસમાન સુભાષિતો સમજવા માટે, તેનો આસ્વાદ લેવા માટે જેના હૃદયમાં રસ છે તેના અન્તરમાં ઉત્કંઠા જાગે છે. તે ઉત્કંઠાને શાન્ત કરવા તે સુહૃદય વિવિધ સુભાષિતો-કાવ્યો વાંચે છે, સાંભળે છે, કંઠે કરે છે ને સભામાં તેનો સુ-ઉપયોગ કરે છે. એમ કરતાં કરતાં તેને એવી અભિલાષા જાગે છે કે હું પણ કંઇક સુભાષિતો બનાવું-રચું. એ અભિલાષ, એ જ કવિ બનવાની ઇચ્છા. અહિં આપણે 'કવિ કેમ બનાય ?' તેના ઉપાયો વિચારીશું.

**કવિ બનવાના ઉપાયો**—જેથી કવિત્વશક્તિ મળે છે, મળેલ કવિત્વશક્તિનો વિકાસ થાય છે ને મહાન્ કવિ તરીકેની પ્રસિદ્ધિ સાંપડે છે તેવા ત્રણ કારણો છે. ૧. સરસ્વતી વગેરે દેવતાની પ્રસન્નતા, ૨. પૂર્વજન્મના વિશિષ્ટ સંસ્કાર, અને ૩. બહારના લૌકિક પ્રયત્નો.

## દેવતાની પ્રસન્નતાથી થતાં કવિઓ—

પૂર્વે બતાવેલ ત્રણ પ્રકારમાં પ્રથમ પ્રકાર જે દેવતાની પ્રસન્નતા છે તેમાં મંત્રોદ્વારા દેવ-દેવીનું આરાધન આવશ્યક છે. 'ऍं' વગેરે મંત્રોના વિધિવિધાનપૂર્વક જાપ કરવાથી સરસ્વતી દેવી વગેરે પ્રસન્ન થાય છે ને તેથી પ્રજ્ઞાનો વિકાસ થાય છે.

(૧) સત્તરમી સદીના પ્રતિભાસમ્પન્ન મહાપુરુષ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજની વિદ્વત્વશક્તિ અને કવિત્વશક્તિના વિકાસમાં હેતુભૂત 'ऍं'કાર નામના મંત્રદ્વારા સરસ્વતીની આરાધના પણ છે. જે માટે 'ખંડખાદ્ય' નામના આત્મસ્વરૂપને વિવેચતા ન્યાયના મહાન્ ગ્રન્થમાં તેઓશ્રી મઙ્ગલાચરણમાં જ આ હકીકત જણાવે છે. તે આ પ્રમાણે—

**'ऍं' कारजापवरमाप्य कवित्ववित्त्व-**
**वाञ्छासुरद्रुमुपगङ्गमभङ्गरङ्गम् ॥**
**सूक्तैर्विकासिकुसुमैस्तववीर ! शम्भो-**
**रम्भोजयोश्चरणयोर्वितनोमि पूजाम् ॥ १ ॥**

[ હે વીર પરમાત્મન્! ગંગાને કાંઠે અવિનાશિ ઉલ્લાસવાળા અને કવિત્વ તથા વિદ્વત્વની ઇચ્છાને પૂરવાને કલ્પવૃક્ષરૂપ 'ऍं' કારના શ્રેષ્ઠ જાપને મેળવીને કલ્યાણકારી એવા આપના ચરણ-

---

[1] **संसारविषवृक्षस्य, द्वे फले ह्यमृतोपमे ।**
**सुभाषितरसास्वादः, सङ्गतिः सज्जनैः सह ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કમલની શ્લોકોરૂપી વિકસિત પુષ્પોથી હું પૂજા કરું છું. ]

આ શ્લોકમાંથી એ ફલિત થાય છે કે–તેઓશ્રીએ ગંગાને કાંઠે સરસ્વતીને પ્રસન્ન કરી કવિત્વ ને વિદ્વત્વ શક્તિ મેળવી હતી. બીજે પણ 'શ્રી જમ્બૂસ્વામિરાસ' વિગેરેનાં આવું સૂચન કરતાં 'તૂં તૂઠી મુજ ઉપરે, જાપ કરત ઉપગંગ' વગેરે વાકયો તેઓશ્રીએ લખ્યા છે.

(૨) કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજ કે જેમના સર્વતોમુખ પાણ્ડિત્ય માટે આજે કોઈને પણ જરી પણ વિવાદ નથી, તેઓશ્રીએ પણ સરસ્વતીને આરાધી વિકાસ સાધ્યો હતો. તે વૃત્તાન્ત આ રીતે છે. દીક્ષા લીધી તે સમયે તેમનું શુભ નામ શ્રી સોમચન્દ્ર મુનિ રાખવામાં આવ્યું હતું. કુદરતી પ્રતિભા તો અપૂર્વ હતી છતાં અધ્યયનનો અને જ્ઞાનનો વિકાસ એકદમ થાય માટે સરસ્વતીની સાધના કરવાની તેમને જિજ્ઞાસા થઇ. તે સાધના કરવી એ કોઈ સાધારણ વસ્તુ ન હતી. બ્રહ્મચારિણી તરીકે લોકપ્રસિદ્ધ એ ભગવતીની આરાધનામાં બ્રહ્મચર્યને અને તે પણ નૈષ્ઠિક બ્રહ્મચર્ય એ અતિશય આવશ્યક વસ્તુ છે. એ હોય તો જ તેની પ્રસન્નતા મળે, નહિ તો કર્યું કરાવ્યું સર્વ વિફળ થાય. પોતાનામાં રહેલ એવા અદ્વિતિય બ્રહ્મચર્યની ખાત્રી કરવા માટે ચાલી આવતી વાત પ્રમાણે ત્રણ. (૧). શ્રી વાદિદેવસૂરિજી મ. (૨), શ્રી મલયગિરિજી મ. અને (૩) શ્રી હેમેન્દ્રસૂરિજી મ. અગ્નિ–પરીક્ષા જેવી આકરી પરીક્ષામાંથી પણ પસાર થયા. તે આ પ્રમાણે-વિચરતાં વિચરતાં એક દિવસ એક ગામ બહાર એક ધોબી વસ્ત્ર ધોવા જઇ રહ્યો હતો. તેની વસ્ત્રની પોટલીની આસપાસ કેટલાએક ભમરા ઊડતા તેઓશ્રીના જોવામાં આવ્યા. ધોબીને પૂછયું કે 'આ કોના કપડાં છે?' તેણે કહ્યું કે 'અહિંના ઠાકોરના ઘરના.' પછી તેઓશ્રીએ ઠાકોર પાસે જઇ પોતે સરસ્વતીની આરાધના માટે ઇચ્છા રાખે છે ને તેમાં બ્રહ્મચર્યની પરીક્ષા માટે નિર્વસ્ત્રા પદ્મિની સ્ત્રીની સામે અમુક સમય સુધી એકાન્તમાં રહેવું. તેમાં મનમાં પણ જો વિકાર ન જાગે તો સમજવું કે પોતે યોગ્ય છે; નહિંતર અયોગ્ય. આપની પત્ની પદ્મિની છે. આપ અમને એ પરીક્ષા કરવા માટે અનુકૂળતા કરી આપો. સાથોસાથ આપ પણ નગ્ન તરવાર સાથે અમારી પાસે ઊભા રહો. અમારા રુંવાડામાં પણ વિકારનો આવિર્ભાવ થાય તો ત્યાં ને ત્યાં જ શિરચ્છેદ કરવો. ઠાકોરે કબૂલ કર્યું ને ત્રણે જણા પરીક્ષામાં પસાર થયા. પૂજ્ય ગુરુ મહારાજશ્રીની આજ્ઞાથી પછી કાશ્મીર પ્રત્યે શ્રી સોમચન્દ્રમુનિ. (શ્રી હેમચન્દ્રસૂરિજી) સરસ્વતીની આરાધના માટે જતા હતા પણ આવા ભક્ત પર પ્રથમથી જ પ્રસન્ન થયેલ ભારતી વિહારમાં અધવચ્ચે તેમને મળીને કહેવા લાગી. કે.

"काश्मीरान् मास्म यासीस्त्वं,
वत्स ! मत्तोषहेतवे ॥
त्वद्भक्तिप्रणिधानाभ्यां,
प्रीतास्म्यत्रापि सम्प्रति ॥
सिद्धसारस्वतो भूयाः,
प्रसादेन ममाधुना ॥
इत्युदीर्य तिरोऽधत्त,
देवी विद्युदिव क्षणात् ॥

[હે વત્સ! મારા પ્રસાદને માટે તું હવે કાશ્મીર દેશમાં ન જા. તારી ભક્તિ અને પ્રણિધાનથી ખુશ થયેલી હું અત્યારે અહિં જ તને મળું છું. હવે મારા પ્રસાદથી તું '**સિદ્ધ-સારસ્વત**' થા, એમ કહીને ક્ષણવારમાં વિજળીની માફક દેવી અદ્રશ્ય થઇ ગયાં]

મારવાડમાં પિંડવાડાથી ત્રણેક ગાઉ દૂર આવેલ અજારી ગામની નજીક એક બાવન જિનાલય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નું ભવ્ય મન્દિર છે. તેની પ્રદક્ષિણામાં મધ્યમાં એક દિવ્ય શ્રી સરસ્વતીની મૂર્તિ છે. શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજનો સરસ્વતીમિલનનો પ્રસંગ અહિ બન્યો હોવાનું અને ત્યારબાદ આ મૂર્તિ સ્થાપન કર્યાનું કહેવાય છે.

(૩) સાહિત્યના શોખીન, આમરાજાને જૈન ધર્મ પમાડનાર આચાર્ય શ્રી બપ્પભટ્ટસૂરિજીને પણ મન્ત્રારાધનથી સરસ્વતીનો પ્રસાદ પ્રાપ્ત થયો હતો. પ્રેરણાદાયક તેમનું તે ચરિત્ર આ પ્રમાણે છે.

શ્રી બપ્પભટ્ટિસૂરિજીમાં સમ્પૂર્ણ યોગ્યતા છે એમ વિચારી એક વખત ગુરુમહારાજે તેમને બોલાવી સરસ્વતીનો મહામન્ત્ર આપ્યો. તેનો જાપ કરતાં કરતાં કેટલોએક સમય વીત્યો. એક મધ્ય રાત્રિને સમયે તેઓ મન્ત્રનો જાપ કરતાં હતાં તે જ વખતે શ્રી સરસ્વતીદેવી સ્વર્ગગંગાના પ્રવાહમાં વિશિષ્ટ વસ્ત્રોને ઉતારી સ્નાન કરતી હતી. બપ્પભટ્ટીના મન્ત્રજાપનું એકદમ ખેંચાણ થવાથી એમ ને એમ એ એમની સમીપે હાજર થઇ. તેના પ્રત્યે જરાક જોઇને શ્રી બપ્પભટ્ટિસૂરિજીએ મોઢું ફેરવી લીધું. મંત્રનું એટલું તીવ્ર આકર્ષણ હતું કે દેવીને પોતાના સ્વરૂપનું ભાન પણ રહ્યું ન હતું એટલે તેણીએ મહારાજને કહ્યું કે–'હે પુત્ર! તું મારું ધ્યાન ધરે છે ને હું આવી છું ત્યારે શા માટે મુખ ફેરવી લે છે? તારા મન્ત્રજાપના આકર્ષણથી હું પોતે સાક્ષાત્ આવી છું. તારે જે જોઇએ તે વરદાન માંગ.' સૂરિજીમહારાજે પ્રત્યુત્તર વાળ્યો. 'માત.! આપનું કથન સત્ય છે, પરંતુ આપને આ સ્થિતિમાં હું કઇ રીતે જોઇ શકું? આપ આપના દેહની વસ્ત્ર રહિત સ્થિતિને નીરખો.' એ સાંભળી દેવીએ પોતાના શરીર સામે જોયું ને ભાનમાં આવી. તે વિચાર કરવા લાગી કે–અહો! આવા પ્રસંગમાં પણ આનું બ્રહ્મચર્ય કેટલું મજબૂત છે. મંત્રનું પણ માહાત્મ્ય કેટલું તીવ્ર છે કે મારું ભાન પણ હું ભૂલી ગઇ. એમ વિચાર કરી તેણે શ્રી બપ્પભટ્ટીજીને કહ્યું કે–'એક તો તારા મંત્રજાપ હું પ્રસન્ન થઇ છું ને તારામાં જે નૈષ્ઠિક બ્રહ્મચર્ય ને વરદાન જોવામાં નિઃસ્પૃહતા છે તે જોઇ વિશેષે પ્રસન્ન થઇ છું તો તારી જ્યારે ઇચ્છા થશે ત્યારે હું હાજર થઇશ. હવે તું જાપથી છૂટો થા.' તેઓશ્રીનું રચેલું મહાપ્રભાવક સરસ્વતીના પ્રસાદને અર્પનારું ૧૩ શ્લોક પ્રમાણ 'અનુભૂતસિદ્ધસારસ્વતસ્તવ' નામનું શ્રી સરસ્વતી દેવીનું સ્તોત્ર હાલ પણ ઉપલબ્ધ થાય છે. હંમેશ પ્રાતઃકાળમાં તેનો પાઠ કરવામાં આવે તો સરસ્વતીની પ્રસન્નતા મળે એ નિર્વિવાદ છે.

(૪) સરસ્વતીની પ્રસન્નતા અમુક ઉંમરે જ થાય એવું કંઇ નથી. જ્યારે આત્મા બળવાન્ થાય ને આરાધના કરે ત્યારે તેને તેનો લાભ મળે જ છે. શ્રી સિદ્ધસેન દિવાકર જેવાને જૈનધર્મમાં લાવનાર શ્રી વૃદ્ધવાદિજીએ મોટી વયે જ ભારતીને પ્રસન્ન કરી હતી. તે વૃત્તાન્ત આ રીતે છે.

એક મુકુન્દ નામના મુનિ હતા. તેમણે દીક્ષા વૃદ્ધવયમાં ગ્રહણ કરી હતી. ભણવાની અભિલાષા અતિશય તીવ્ર હતી એટલે પુસ્તક લઇને મોટે અવાજે આખો દિવસ ગોખ્યા કરે. એટલા જોરથી ઉદ્ઘોષ કરે કે આકાશમાં પણ તેના પડઘા પડે. એક વખત એક જુવાન સાધુએ મશ્કરીમાં તેમને કહ્યું કે–'આટલા મોટા અવાજથી તમે ગોખો છો તો શું બહુ ગોખી ગોખીને સાંબેલું કુલાવી દેવાના છો?' મશ્કરીમાં કહેલા આ શબ્દો તેમને તીવ્ર લાગ્યા. આ શબ્દોએ તેમને ચાનક ચડાવી. તેમણે વિચાર કર્યો કે–'મૂર્ખ એવા મારા જન્મને ધિક્કાર છે! જડ રહીને જીવન વીતાવવું એ ખરેખર [illegible]ક છે. હવે ઉપવાસ કરી કાં તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બેદરકારીનો ભોગ (૩)

પુરોહિતજી, તમારી સૂચના મુજબ અષ્ટાપદ તીર્થની યાત્રા કરી ત્યાંથી જલ્દી પાછા ફરવાનો સંદેશો મેં જન્હુકુમાર આદિપુત્રોને મોકલાવેલો. એનો ઉત્તર પણ આવી ગયેલો કે સૈન્યના મોટા ભાગને તરતજ રવાના કરેલ છે અને અમો પણ થોડા સમયમાં જ નિકળી આવીએ છીએ. એ પછી જે કાળ વ્યતીત થયો છે એ જોતાં તેઓ આજકાલમાં આવવા જોઇએ. જો આપના જ્યોતિષમાં એ અંગે કાંઇ અનુમાન બાંધી શકાતું હોય તો જરા જોઇ આપો.

સગર ચક્રીની વાત સાંભળી રાજપુરોહિતે ગ્રહ–રાશિના આંક મૂકવા માંડયા. થોડી પળો વીતી છતાં ગણવાનો અંત ન આવ્યો. પુરોહિતજી તો વિચારમગ્ન બની ગયા! ચક્રવર્તી રાજા સગર તેમના મુખ પ્રતિ મીંટ માંડી રહ્યો. ધીરજ ખૂટતાં તે આખરે બોલ્યો—

કેમ ભૂદેવજી, આજે આટલો બધો સમય? આવા સાદા પ્રશ્નનો જવાબ તો તમારી જિહ્વાએ રમતો હોય. જે હોય તે જલ્દી કહી નાખો. બે દિન વહેલા મોડાનો હિસાબ નથી. આ તો જાણ્યું હોય તો એ અંગે અંતઃપુરમાં સમાચાર મોકલી શકાય. પૌત્રને કહી શકાય કે જો ત્હારા બાપુજી આવે છે માટે સ્વાગતની તૈયારી કર.

---

સરસ્વતીને પ્રસન્ન કરું નહિ તો એમ ને એમ ઉપવાસોથી જીવન સમાપ્ત કરું.' એમ વિચારી સરસ્વતીની આરાધનામાં લાગી ગયા. એકવીશ દિવસના ઉપવાસે સરસ્વતી પ્રસન્ન થઇ ને પ્રત્યક્ષ થઈને કહેવા લાગી. "ઊઠ–ઊભો થા. હું તારા ઉપર પ્રસન્ન થઇ છું. તારા મનોરથો પૂર્ણ થાવ. તારી ઇચ્છા હવે સ્ખલના નહિ પામે, માટે તને જે ઇષ્ટ હોય તે આચર" એમ કહી દેવી અન્તર્ધાન પામી. મુકુન્દ મુનિએ ઊઠીને પારણું કર્યું. પછી કોઈ ગૃહસ્થને ત્યાંથી સાંબેલું મંગાવી સ્થિર કરી, પ્રાસુક અચિત્ત જલથી સીંચ્યું. ને નીચે પ્રમાણે બોલ્યા.

**अस्मादृशा अपि यदा, भारति! त्वत्प्रसादतः॥**
**भवेयुर्वादिनः प्राज्ञा मुशलं पुष्प्यतां ततः ॥ १ ॥**
**इत्युक्त्वा प्रासुकैर्नीरैः, सिषेच मुशलं मुनिः ॥**
**सद्यः पल्लवितं पुष्पै-र्युक्तं तारैर्यथा नभः ॥ २ ॥**

[હે સરસ્વતી! જો અમારી જેવા જડ પણ તારા પ્રસાદથી વાદી અને બુદ્ધિમાન થયા હોય તો આ સાંબેલાને પણ પુષ્પ પ્રકટો, એમ કહીને પ્રાસુક નીરથી મુનિએ સાંબેલાને સીંચ્યું. તુરતજ જેમ આકાશમાં તારા ઊગે તેમ સાંબેલાને પુષ્પ અને પાંદડા ઊગ્યા]

પાછળથી વાદકળામાં તેઓ ઘણા જ કુશળ થયા તેથી તેમનું નામ શ્રી વૃદ્ધવાદિજી તરીકે ખૂબ જ પ્રસિદ્ધિ પામ્યું.

(૫) કવિચક્રવર્તિ કાલીદાસ એક સમયે અત્યન્ત મૂર્ખ હતા, પણ દેવીના પ્રસાદથી મહાન કવિ બન્યા એ વાત અતિ પ્રસિદ્ધ છે.

એ પ્રમાણે કવિત્વશક્તિ મેળવવાનું પ્રથમ સાધન મન્ત્રારાધનથી દેવતાને પ્રસન્ન કરવારૂપ છે. મન્ત્રના આમ્નાયો, વિધિવિધાન વગેરે ગુરુમહારાજ પાસેથી જાણવા. ઉચિત આમ્નાય વગેરે મેળવ્યા વગર કંઇ પણ કરવાથી લાભ મળવાને બદલે કેટલીએક વખત ગેરલાભ થાય છે માટે અવશ્ય વિધિપૂર્વક આરાધના કરવી અને વિદ્વાન થવું. —ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચક્રીની વાત સાંભળતાં છતાં વિપ્રમહાશયના હોઠ ફફડતા જ રહ્યા ! એક શબ્દ સરખો બહાર ન આવ્યો !

અરે, મહારાજ આજે થયું છે શું ? તમારી બુદ્ધિ કાટ ખાઈ લાગે છે ! રાજવીએ કડકાઇથી ઉચ્ચાર્યું.

ત્યાં તો ગાઢ નિદ્રામાંથી માનવી સફાળો જાગ્રત થઈ બોલી ઉઠે તેમ પુરોહિતજી બોલ્યા—

મહારાજ, મેળાપનો યોગ જણાતો જ નથી ! અરે હજુ અષ્ટાપદજીથી પ્રયાણ જ નથી કર્યું !

બરાબર આંક મૂકો—એમ બનવું અશક્ય છે: પિતાની આજ્ઞા શિરસાવંદ્ય કરતા યુવરાજનો સંદેશ શંકાસ્પદ ન જ હોય. ત્યાં તો પ્રતિહારીએ પ્રવેશ કરી કહ્યું કે—

મહારાજાધિરાજ, એક ચર અને એક વિપ્ર આપની મુલાકાત માંગી રહ્યા છે.

જા ઉભયને સત્વર આવવા દે.

ચરને જોતાં જ સગરરાજે પૂછયું—

કેમ સુષેણ, શા સમાચાર છે ? અષ્ટાપદજીથી પાછા ફરેલા સૈન્યના કંઇ વૃત્તાન્ત મલ્યા છે ?

હા, મહારાજ, આજ મધ્યાન્હ પૂર્વે તે ભાગોળે આવી પહોંચવું જોઇએ. હું આગળના મુકામેથી જોઇને જ ખબર આપવા દોડયો આવું છું.

ઠીક જા, પુરિમતાલપરામાં આવે ત્યારે ખબર આપજે. હં વિપ્રમહાશય ! તમારે શું કહેવું છે ?

પુરોહિતજી, તમારું મગજ કામ કરતું જણાતું નથી. કયાં તો પ્રકૃત્તિ અસ્વસ્થ હોય વા કોઈ ચિંતા ઘર કરી બેઠી હોય. તે વિના તમારા સરખા નિષ્ણાત આવા ગોટા ન વાળે. પુત્રો યાત્રાએ નિકલ્યા ત્યારે પણ તમોએ શંકાનો સૂર કાઢ્યો હતો, અને આજે આવે છે ત્યારે પણ જૂદીજ ભૂંગળ વગાડો છો. કયાં તો સ્વસ્થ ચિત્તે બરાબર જુવો અને નહીં તો ઘેર સિધાવી જાવ. શંકાના વમળ ઊભા કરવા એ ઠીક નથી જ.

વિપ્ર—મહારાજાધિરાજ, મારી કહાણી જરા સાંભળી લ્યો. પુરોહિતજી સાથે પછી નિરાંતે વાત કરજો. રખડી રખડીને મારા ટાંટીયા નરમ થઇ ગયા છે. આપની કૃપાદૃષ્ટિ થાય તો આ દુખિયારાનો સિતારો ચમકે.

મહારાજ, મારો એકનો એક દિકરો અચાનક યમદેવનો શિકાર બન્યો છે. મારે એ આંધળાની લાકડી સમો હતો. એને સજીવન કરવા મેં ઘણાં ઘણાં પ્રયત્નો કર્યાં ! કેટલાયે મંત્ર-તંત્રકોવિદોના કમાડ ઠોકયા ! સંખ્યાબંધ સંત-મહંતોના આશ્રમના પગથિયા ચઢી નાંખ્યા ! ઘણા મહાત્માઓના ચરણ ચૂમ્યા ! એક અનુભવી યોગીરાજે ખાત્રીપૂર્વક કહ્યું છે કે—

જો, તું મૂઠ્ઠીભર રાખ લાવે તો હું ત્હારા પુત્રને જીવતો કરી દઉં; પણ શરત એક જ કે-જે ઘરમાં કોઇનું પણ મૃત્યુ ન થયું હોય એવા ઘર( કુટુંબ કે વંશ )ની રાખ હોવી જોઇએ.

આ આશાનો દીવડો લઇ હું સારીયે વિનીતા નગરી ઘૂમી વળ્યો પણ મને એક પણ ઘર–કુટુંબ એવું ન મળ્યું કે જ્યાં મરણ ન થયું હોય! આખરે ભાલ મળી કે ઇક્ષ્વાકુ વંશમાં અવતંસ સમા ચક્રવર્તી સગર મહારાજનું કુટુંબ ભર્યુંભાદર્યું છે. ત્યાંથી કાર્યસિદ્ધિ થવા સંભવ છે.

મહારાજ, તેથી હું અહીં દોડી આવ્યો છું. કૃપાવંત આ રાંક પર રહેમ કરો અને સત્વર રક્ષા અપાવો.

વિપ્ર મહાશય, ખરેખર તમારું દુઃખ જોઇ મને પણ ઘણું જ લાગી આવે છે કેમકે પુત્રનું મૃત્યુ એ પિતાના અંતરમાં કારી ઘા સમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે જે રૂઝાવા પામતો જ નથી. પણ યમરાજની નાગચૂડમાંથી જ્યાં મોટા મહારાણા સરખા બચવા પામ્યા નથી ત્યાં થાય શું? આયુષ્યની દોરી તૂટી એટલે ખેલ ખલાસ. પિંજરમાંથી હંસલો વિદાય થયો એ પુનઃ હાથ ન આવે. યોગીરાજે જે જાતની રાખ મંગાવી છે એવી રાખ મળવી શકય જ નથી. અનાદિકાળથી ચાલ્યા આવતા આ સંસારમાં નથી તો એવું ઘર, કુટુંબ કે વંશ કે જેમાં કોઇનું મરણ જ ન થયું હોય! ભલે આજે મારું ઘર ભર્યું જણાતું હોય પણ તેથી મારા પૂર્વજોની અમરતા નોંધાઇ છે ખરી? જન્મ અને મરણ એ તો સંસારરૂપી શકટના બે ચક્રસમા સદાયે ગતિમંત છે. એમાંના મરણ ટાણે સ્વાર્થવશતાને લઇ દુઃખ સંભવે. પણ એ કાળે પ્રાજ્ઞ આત્મા ધૈર્ય ધારણ કરે. વિલાપ કે આક્રંદ કરી નબળાઇનું પ્રદર્શન ન ભરે. ભવિતવ્યતાને યાદ કરી, એની સાથેનો ઋણાનુબંધ વિચારી, જ્ઞાની ભગવંતોએ કહેલી અનિત્ય ભાવના ભાવો.

મહારાજ, કહેવું સહેલ છે પણ પાળવું મુશ્કેલ છે!

વિપ્ર મહાશય, આ સલાહ સાચા હૃદયની છે કે કેવલ આશ્વાસનરૂપ છે એ તો સમયે જ સમજાય.

મહારાજ, સાઠ હજાર પુત્રના પિતા એવા આપ મુજ રંકને જે સલાહ આપો છો એ મારા જેવો બનાવ કદાચ આપને ત્યાં બને તો એ જ પ્રમાણે ધીરજ રાખી શકો?

ભાર મૂકી કહું તો રાખવી જોઇએ.

ત્યાં તો સૈન્યના અગ્રણીઓ આવી પહોંચ્યા અને ચક્રવર્તીના ચરણમાં નમસ્કાર કરી, ઉદાસ અને અધોવદને ઊભા રહ્યા. તેમના ચક્ષુઓ-માંથી અશ્રુબિંદુઓ વરસાદના વારિ સમ ટપકવા માંડ્યાં.

અરે તમો બધા આટલા શોકાતુર થઇ, આંખમાંથી આંસુ પાડવા કેમ મંડી ગયા છો? જરા સમાચાર તો કહો. કયાં છે જન્હુકુમાર આદિ મારા પુત્રો? શું બન્યું છે?

સ્વામી, મારું જ્યોતિષ યાદ કરો. પુત્ર-મેળાપનો યોગ જ નથી! આપના ઉપાલંભથી મેં ચોક્કસાઇ કરી લીધી છે અને પછી જ દુઃખાતા અંતરે આ વદી રહ્યો છું.

મને સત્વર કહો. એ બધા કયાં ગયા?

વિપ્ર મહારાજ, જે વાત પુરોહિતજી બોલી શકતા નથી અને સૈન્ય નાયકો ઉચ્ચારી શકતા નથી તે હું જ કહું છું. જન્હુકુમાર આદિ આપશ્રીના સાઠ હજાર પુત્રો એક સામટા કાળ-દેવનું ભક્ષ્ય બની ચૂકયા છે.

આ કર્ણકટુ વેણ શ્રવણ કરતાં જ સગરરાજ બેભાન બની ગયા! અને જ્યારે શુદ્ધિમાં આવ્યા ત્યારે એટલી હદે ગમગીન થઇ ગયા કે—

'હા પુત્રો, હા પુત્રો' એ શબ્દો સિવાય કંઇ જ બોલ્યા નહીં. તેમની ચક્ષુઓ આંસુથી છલકાવા માંડી!

મહારાજ, આપ આ શું કરી રહ્યા છો? વિપ્ર બોલ્યા અને આગળ ચલાવ્યું.

મારા પુત્ર અંગેનું આપનું આશ્વાસન શું પરોપદેશે પાંડિત્યમ્ જેવું હતું? ધીરજ ધરો. બનવાનું બની ગયું. ત્યાં એ પાછળ આંસુ સારવાનો અર્થ શો?

ભૂદેવ, હું સમજું છું. પણ એક સામટા આ તો સાઠ હજાર!

મહારાજ, મને એકનું દુઃખ અને આપને એ બધાનું! પિતાનું હૃદય કષ્ટ તો સરખું જ અનુભવે. હવે તો મજબૂત મન રાખો. વૃતાન્ત સાંભળી લ્યો, અને અંતઃપુરમાં ખબર કહાવો. કર્મબંધકાળે એ સર્વ સાથમાં હશે એટલે એના ઉદયકાળે પણ એમનો સહકાર ન તૂટ્યો!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધચક્રજીનું અપૂર્વ માહાત્મ્ય.

( લેખક-મુનિરાજશ્રી **લક્ષ્મીસાગરજી મહારાજ**-અમદાવાદ. )

**નવપદજી**ની સ્થાપના હૃદયમાં કરવી. જેવી રીતે સિદ્ધચક્રજીનો ગટો આવે છે તેવી રીતે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપની સ્થાપના કરવી. સ્થાપના કર્યા બાદ સર્વ વિષયોથી વ્યાવૃત કરેલું મન પ્રથમ અરિહંત પદ જે અરિહંતની પ્રતિમા સિદ્ધચક્રના મધ્યમાં છે તેમાં મનને બરાબર જોડી દેવું. તે અવસરે અરિહંતનું ધ્યાન કરવું. કેવી રીતે ધ્યાન ધરવું? તે આગલ કહેવામાં આવશે. તેના વિના બીજું કાંઇ પણ યાદ કરવું નહિ. કદાચ આવે તો વારંવાર પ્રયત્નથી ઉપયોગથી દૂર કરવું.

**ધ્યાન**—પ્રથમ અરિહંતનું ધ્યાન કરવું. ત્યારબાદ અનુક્રમે નવપદનું ધ્યાન કરવું. અરિહંત ઉપર લક્ષ રાખી વિચાર કરવો કે-અરિહંત એટલે શું? અને અરિહંત શાથી થવાય? અરિ એટલે શત્રુઓ તેને હણે તે અરિહંત. શત્રુઓ કોણ છે? રાગદ્વેષ એ મોટા શત્રુઓ છે. એને જીતવાથી સર્વે શત્રુઓનો જય થાય છે. રાગ અને દ્વેષ શાથી ઉત્પન્ન થાય છે. પરવસ્તુમાં હું અને મારાપણું માનવાથી રાગ દ્વેષ ઉત્પન્ન થાય છે. પરવસ્તુ કોણ છે? આત્માથી વ્યતિરિક્ત જે કાંઇ જગતમાં વસ્તુ છે તે પર-વસ્તુ છે. આ દુનિયામાં છ પદાર્થો છે. તેમાં ધર્માસ્તિકાયાદિ ચાર કાંઇ દુઃખ કરતા નથી. આત્મા પણ દુઃખ કરતા નથી. ત્યારે બાકી પુદ્‌ગલ દ્રવ્ય રહ્યું. તે પુદ્‌ગલ દ્રવ્ય જ આ જીવોને જગતમાં ચારે ગતિમાં રોળે છે, માટે પરદ્રવ્ય પુદ્‌ગલ તે જ હું અથવા તે મારું છે, આવી રીતે પરવસ્તુમાં પોતાપણું માનવાથી તેના લાભથી રાગ થાય છે. તેના અલાભથી દ્વેષ થાય છે. ઇષ્ટપ્રાપ્તિથી રાગ, અનિષ્ટ પ્રાપ્તિથી દ્વેષ. જ્યાં રાગ અને દ્વેષ છે ત્યાં કર્મ બંધાય છે અને કર્મ બંધનથી સંસારની પ્રાપ્તિ થાય છે માટે પરવસ્તુમાંથી મારાપણું કાઢી નાંખી પોતાના આત્મસ્વરૂપમાં જ જેઓ લીન થઇ રહ્યા છે તેઓજ રાગદ્વેષનો જય કરે છે અને તે રાગદ્વેષ શત્રુના જીતવાથી અરિહંત કહેવાય છે.

---

સૈનાનાયકોએ જ્વલનપ્રભ દેવની વાત કહી સંભળાવી અને આવતાં પહેલાં આ વિપ્રને મોકલવાનું કેમ ગોઠવવું પડ્યું તે પણ સમજાવ્યું. પુરોહિતજીએ એમના ગમનકાળે પોતે કથન કરેલ વાતનો અંકોડો મેળવી આપ્યો. 'હોણહાર મિથ્યા નથી થતું'' એ ટંકશાળી સૂત્ર યાદ કરી સૌએ મન મનાવ્યું. અંતઃપુરમાં સમાચાર પહોંચતાં જ જાણે મોટો સાગર ભરતીએ ચઢ્યો હોય એવો રૂદનનો ઉલાળો ઉઠ્યો! ચક્રીએ જઇ સૌને ઠંડા પાડ્યા. 'દુઃખનું ઓસડ દહાડા' એ મુજબ આ બનાવ પણ ભૂતકાળમાં વિલીન થવા લાગ્યો. ખાઇમાં પણ ગંગાનો પ્રવાહ છલકાવા માંડ્યો. એ સમાચાર ચક્રી પાસે આવતાં તેમણે જન્હુપુત્ર ભગીરથને મોકલી એનું વહેણ પુનઃ ગંગામાં વહાવ્યું. ગંગા નદીના જાન્હવી અને ભાગીરથી નામ છે તે આ કારણથી જ. નાનકડા પ્રમાદે કેવો કેર વર્ત્તાવ્યો! માટે '**समयं मा पमाए**' એ સૂત્ર ટંકશાળી છે.

( ચાલુ )

**—ચોકસી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે શ્રી અરિહંતે રાગદ્વેષનો જય કેવા અનુક્રમથી કર્યો તે જાણવું જોઈએ અને તે જાણી આપણે પણ તે જ પ્રમાણે વર્ત્તન કરીએ તો આપણે પણ અરિહંત થઇ શકીએ. તે અનુક્રમ જાણવાને માટે આપણા પ્રથમ ઉપગારી પ્રભુ મહાવીર અને અરિહંત પ્રભુનું ધ્યાન કરતાં તેઓએ અંગીકાર કરેલ અનુક્રમને, તેના ગુણોનું સ્મરણ કરીએ. તે પણ આપણા જેવા મનુષ્ય હતા પણ પોતાનું બલવીર્ય ફોરવી કર્મ શત્રુઓનો જય કર્યો તેનું આપણે પણ અનુકરણ કરવું જોઇએ. પ્રથમ મહારસ્વામીએ આ સંસારનું મૂલ સ્ત્રી છે એમ નિર્ણય કરી ગૃહસ્થાશ્રમમાં દીક્ષા લઇ પ્રથમથી જ સ્ત્રીનો સર્વથા ત્યાગ કર્યો. ત્યારબાદ સંસારમાં દુઃખનું કારણ પૈસા અથવા ધન છે એમ નિર્ણય કરી બાર માસ સુધી યાચકોને અને બીજાઓને સર્વ ધન આપી દીધું અર્થાત્ ધનનો ત્યાગ કર્યો. ત્યારબાદ સંસારનું કારણ સ્વજન કુટુંબ જ્ઞાતીનો સ્નેહ છે અને ટૂંકમાં મનુષ્યોનો સંસર્ગ છે, એમ જાણી સર્વથા ગૃહસ્થાશ્રમ ત્યાગ કરી શ્રમણનિર્ગ્રંથપણું અંગીકાર કર્યું. નિર્ગ્રંથ થયા બાદ ગામ અને દેશનો ત્યાગ કરી, અરણ્યની અંદર એકલા ચાલ્યા ગયા. ત્યારબાદ એવા નિર્ણય ઉપર આવેલા છે કે એકલા ધ્યાનથી તેમ એકલી તપસ્યાથી સિદ્ધિ નહીં થાય પણ જ્ઞાન અને ક્રિયા બેઉથી સિદ્ધિ થાય છે એમ નિશ્ચય કરી અતિ ઉત્કૃષ્ટી તપસ્યા અને તેની સાથે રાત્રિ અને દિવસ ધ્યાન ધરવા લાગ્યા. કોઇ દિવસ વનમાં, તો કોઇ દિવસ સ્મશાનમાં, કોઇ દિવસ સૂના ઘરમાં કોઇ દિવસ વસ્તીમાં એ રીતે અનિયમિત વિહાર કરતાં અને મહાઉત્કૃષ્ટા ઉપસર્ગો સહન કરતા, આત્માને આત્મિક ગુણોથી વાસિત કરતા, પૃથ્વીતલ ઉપર વિચરતા તે મહાત્માએ મહા કઠીન અભિગ્રહો ગ્રહણ કર્યા હતા. જ્યાં સુધી કેવલજ્ઞાન ન થાય ત્યાં સુધી મારે મૌનપણે રહેવું. નિરંતર ધ્યાનમાં રહેવું. કોઇને અપ્રીતિ થાય ત્યાં રહેવું નહિ. ઇત્યાદિ ઉત્કૃષ્ટા અભિગ્રહો ગ્રહણ કરી રાત્રિ–દિવસ અપ્રમાદીપણામાં કાલ વ્યતીત કરતા, સાડાબાર વર્ષાંતરે ઉત્કટ આસને બેઠાં. શુકલધ્યાનના બીજા અને ત્રીજા પાયાના મધ્ય ભાગમાં વર્તતાં કેવલજ્ઞાન પ્રગટ થયું. કેવલજ્ઞાન પહેલાં અપાયભૂત રાગ–દ્વેષાદિ જવાથી અપાયાપગમાતિશય પ્રગટ થયો. .અપાયાપગમાતિશયના પ્રતાપથી સ્વાભાવિક વૈરવાળાં તિર્યંચો અને મનુષ્યો પોતાના વૈરભાવને મૂકી દઈ તેમની નજીકનો પ્રદેશ સેવન કરતા હતા. અર્થાત્ જે સ્થળે ભગવાન હોય તે સ્થળના કેટલાક ભાગ સુધી વૈરવાળા તિર્યંચો અને મનુષ્યોના વૈરભાવ શાંત થઇ જાય, ત્યારબાદ કેવલજ્ઞાનથી જ્ઞાનાતિશય પ્રગટ થયો, જ્ઞાનાતિશયથી ભગવાન અર્હદ તથા મહાવીર લોકાલોકના ભાવને જાણતા થયા. ઉત્પાદ, વ્યય અને ધ્રુવયુકત પદાર્થો અતીત, અનાગત અને વર્ત્તમાન એ ત્રણે કાલના દ્રવ્યોના અનંત પર્યાયો દેખતા જાણતા થકા વિચરતાં હતાં.

ત્યારપછી પૂજા અતિશયથી દેવતાઓ, ઇન્દ્રો, ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિકના દેવો આવી ભગવાનની ભકિત–સેવા કરવા લાગ્યા. ત્યારપછી વચનાતિશયથી દેશના દેવાને માટે દેવતાઓ પોતાની ભકિત જણાવતા સમવસરણની રચના કરે છે. પ્રથમ વાયુકુમાર દેવ એક યોજનપ્રમાણ ભૂમિને શુદ્ધ કરે છે. વ્યંતર દેવ સુવર્ણ અને રત્નથી ભૂમિની પીઠિકા બાંધે છે. પછી રૂપાનો ગઢ અને સોનાના કાંગરા રચે છે. ત્યારપછી જ્યોતિષી દેવ સોનાનો ગઢ અને રત્નના કાંગરા એમ બીજો ગઢ રચે છે. વૈમાનિક દેવ રત્નનો ગઢ અને માણી રત્નના કાંગરા એમ ત્રીજો ગઢ રચે છે. ત્રીજા ગઢમાં સમભૂમિ ભાગમાં રત્નનો ચોતરો કરે છે. વચમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અશોકવૃક્ષ આખા સમવસરણમાં ફેલાઈ રહ્યાં છે. તેની નજીક ચાર દિશાએ ચાર સિંહાસનો માંડેલા છે. તે પાદપીઠ સહિત છે. ત્યાં પૂર્વ દિશા સન્મુખ ભગવાન બેસે છે. ત્રણ દિશાયે ત્રણ પ્રતિબિંબો સ્થાપન કરેલાં હોય છે. દેવતાઓ આખા સમવસરણમાં પુષ્પની વૃષ્ટિ કરે છે. દિવ્યધ્વનિ પણ થઇ રહ્યો છે, ચામરો બન્ને બાજુએ વીંજાઈ રહ્યાં છે. ભામંડલ પણ સૂર્યથી અધિક પ્રભાવાળું જલહળાટ કરી રહ્યું છે. આકાશમાં દિવ્ય દુંદુભિનો નાદ મધુર થઇ રહ્યો છે; મસ્તકે ત્રણ ત્રણ છત્રો ચન્દ્ર મંડલને આકારે શોભી રહ્યાં છે. ભગવાનના પાદપીઠની મૂલમાં અગ્નિ ખૂણે પ્રથમ ગણધરો બેસે છે. તેની પછવાડે મુનિવરો બેસે છે. તેની પછવાડે વૈમાનિક દેવીઓ અને તેની પછવાડે સાધ્વીઓ ઊભી રહે છે. નૈરૃત્ય ખૂણામાં ભુવનપતિ, જ્યોતિષ અને વ્યંતરની દેવીઓ ઊભી રહે છે. ભુવનપતિ, જ્યોતિષ તથા વ્યંતર દેવો એ ત્રણે વાયવ્ય ખૂણામાં બેસે છે. વૈમાનિક દેવ, મનુષ્યો અને મનુષ્ય સ્ત્રીઓ એ ત્રણે ઇશાન ખૂણામાં બેસે છે. બીજા ગઢમાં તિર્યંચો, સિંહ, વ્યાઘ્ર, મૃગાદિ પોતપોતાના વૈરભાવ મૂકી દઇ, મસ્તક ઊંચું કરી ભગવાનની દેશનાનું પાન કરી રહ્યા છે. ભગવાન પણ વચનાતિશય પ્રગટ કરે છે. જગત જીવોના હિત માટે જોજનગામિની ધર્મદેશના પ્રારંભ કરે છે, જે દેશનાને દેવ, મનુષ્યો અને તિર્યંચો પોતપોતાની ભાષામાં સમજી શકે છે. પૂર્વાપર વિરોધ રહિત–સંશય રહિત જીવોને પરમ શાંતિ ઉત્પન્ન કરાવે છે. એ પ્રમાણે વિચાર કરતાં દેશના સાંભળવામાં અથવા ભગવાનના સન્મુખ સ્થિર થઇ બેસી જવું, જેટલી વાર સ્થિરતા રહે તેટલી વાર સ્થિર રહેવું.

ત્યારબાદ સિદ્ધ ભગવાન ઉપર દૃષ્ટિ રાખવી. સિદ્ધ ભગવાનના ગુણોનું ચિંતન કરતાં તેમાં સ્થિર થાવું. સિદ્ધ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત સુખ, સાદિ અનંત, અગુરૂલઘુ, અરૂપી–આ આઠ મોટા ગુણોએ કરી સહિત સમગ્ર કર્મ કલંકવિમુક્ત, આત્મસ્વરૂપમાં લીન થએલાં જન્મ, જરા, મરણ, રોગ, શોકાદિથી મુક્ત થએલ, શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શથી રહિત, એકાંત અનંત સુખમાં મગ્ન થયેલ ખરેખરૂં આત્મસુખ સિદ્ધ ભગવાન જ અનુભવે છે. જ્ઞાનાવરણી કર્મનો ક્ષય થવાથી જેમને એ અનંત જ્ઞાન ઉત્પન્ન થએલું છે, દર્શનાવરણીય કર્મનો ક્ષય થવાથી અનંતદર્શન જેમને પ્રાપ્ત થયું છે, મોહની કર્મનો ક્ષય થવાથી અનંત આનંદ જેમને પ્રગટ થયો છે; અથવા યથાખ્યાત ચારિત્ર અથવા સ્થિરતા ગુણ જેમને પ્રગટ થયેલ છે. અંતરાય કર્મનો ક્ષય થવાથી અનંતવીર્ય જેમને પ્રાપ્ત થએલ છે, વેદનીય કર્મનો ક્ષય થવાથી અનંત અવ્યાબાધ સુખ જેમને પ્રાપ્ત થયેલ છે, આયુ કર્મના ક્ષયથી સાદિ અનંત સ્થિતિ જેમની છે, ગોત્ર કર્મનો ક્ષય થવાથી અગુરૂલઘુપણું પ્રાપ્ત કરેલ છે, નામ કર્મનો ક્ષય થવાથી અરૂપી–ગુણ પ્રાપ્ત કરેલ છે; એ આદિ અનંત ગુણો સહિત સિદ્ધ ભગવાન આત્મસ્વરૂપે લીન થઇ રહેલ છે. એ આઠ ગુણોમાં સ્થિરતા કરવી.—

સ્થિરતાનો અર્થ કાંઈપણ વિચાર ન કરતાં એક તે ગુણમાં લીન થઈ રહેવું. જ્યારે હવે તેમાંથી સ્થિરતા ખસે ત્યારે ત્રીજા આચાર્ય પદ ઉપર લક્ષ આપી પીળા વર્ણની મૂર્તિની આકૃતિ ચિત્તમાં સ્થાપી આચાર્યના ગુણોનો વિચાર કરવો. જે આચાર્ય ભગવાન ગચ્છ અથવા શાસનનો ભાર વહન કરવાને ધોરી જેવા છે, જે દ્વાદશાંગીરૂપ ગણીપીટકને ધારણ કરે છે. તીર્થંકર મહારાજે પણ શાસનરૂપ રથની લગામ તેમને સોંપી છે, જેથી તેઓ સર્વ સંઘનું રક્ષણ કરે છે. સૂત્રાર્થ વાચનાઓ આપી પથ્થર જેવા શિષ્યોને નવપલ્લવિત કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તીર્થંકર મહારાજને વિરહે જે અનાથ એવા સંઘનું તથા મુનિઓનું સારણા વારણા ચોયણા પડિચોયણાદિકે કરી રક્ષણ કરે છે.

દુર્ગતિમાં પડતા જીવોને હસ્તાલંબનભૂત અનેક ગુણાન્વિત આચાર્ય મહારાજ છે. એવી રીતે તેમના ગુણોમાં લીન થઇ જાવું અર્થાત્ તે ગુણોની પોતામાં વૃદ્ધિ કરવી. ત્યાર પછી નીલવર્ણની આકૃતિ હૃદયમાં સ્થાપન કરી ઉપાધ્યાયજી મહારાજ જેમ રાજાને યુવરાજ હોય છે તેમ આચાર્ય મહારાજના યુવરાજ પેઠે રહેલા સાધુઓના ગુણોએ કરી વાસિત થયેલા શિષ્યોને મૂલસૂત્ર ભણાવનારા, પચીશ ગુણોએ સહિત, નિષ્કારણ ઉપગારી એવા અનેક ગુણાર્ચિત ઉપાધ્યાયજી મહારાજ શાસનરક્ષક જાણવા. પચીશ ગુણો—અગીયાર અંગ, બાર ઉપાંગ, ચરણસિત્તરી કરણસિત્તરી વિગેરે પચવીશ ગુણો સહિત મહાશાસનઉપગારી સ્વપર હિતકારી ઉપાધ્યાયજી મહારાજના ગુણોમાં લીન થાવું.

ત્યારપછી હૃદયમાં શ્યામવર્ણની આકૃતિ મુનિ મહારાજની સ્થાપના કરી મુનિ મહારાજનું ધ્યાન ધરવું. બાહ્ય અભ્યંતર ગ્રંથી રહિત નિર્ગ્રંથો ગૃહસ્થોના પ્રતિબંધથી રહિત નિર્લેપ અપ્રતિબંધ વિહારી આત્મસ્વરૂપમા રમણ કરવાવાલા અધ્યાત્મ રસથી પુષ્ટ થયેલા આ લોકની પરલોકની વાંછા રહિત સત્તાવીશ ગુણો સહિત સ્વપરઉપગારી મોક્ષમાર્ગના સાધક એવા અનેક ગુણાન્વિત મુનિમહારાજ જગતના ઉપગારી જાણવા. એ સત્તાવીશ ગુણોપેત નિઃસ્પૃહી સ્વપરતારક મુનિ મહારાજના ગુણોમાં લીન થવું અને તેના ગુણો જેમ બને તેમ પોતામાં આરોપવા. ત્યારબાદ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ ઉપર મનને યથાશક્તિ ઠેરવવું અને એ નવે પદોમાં લીન થતાં સમાધિ થાય. જે ગુણોનું ધ્યાન કરીએ છીએ તે ગુણીઓના ગુણ આપણામાં આવી જાય ત્યારે સમાધી થઇ જાણવી. (૧) વાદવિવાદ ન કરે, સમભાવે રહે. પરભાવને સર્વથા અસ્થિર જાણે, પરપુદ્ગલમાં આસક્તિ નહીં. સ્વભાવમાં રહે, તે જ જ્ઞાન અને વૈરાગ્ય કહેવાય. (૨) પરની ઇચ્છા, આશીભાવ, દીનપણું, કર્માધીનતા, જન્મમરણ, અજ્ઞાન, એ જ પરમ દુઃખ છે. (૩) આત્માનો રસ્તો બતાવે, આત્માને ઓળખાવે, તે સદ્ગુરુ જાણવા. (૪) આત્માને શાશ્વતો જાણે તે જ વિવેક અને સમકિત. (૫) આત્મજ્ઞાન સિવાય બાહ્યજ્ઞાન તે આત્મગુણનો આસ્વાદન પામે નહીં. (૬) જે આત્માના ધર્મને બતાવે, કર્મજાલથી મુકાવે, તે ગુરૂ સજ્જન કહેવાય. (૭) આત્મબોધ અનુભવ જ્ઞાન, સ્પર્શજ્ઞાન તે જ્ઞાન જાણવું. (૮) સર્વ વસ્તુને જીવ જાણે છે, (૯) જ્ઞાન ચેતના જાગે ત્યારે પોતાની કથા પોતે કહે. (૧૦) સમકિત દીપસમાન છે, તેમાં ગુરૂના વચન મોતી સમાન છે. (૧૧) વૈરાગ્ય તે કલ્પવૃક્ષ, આનંદ તે સુધા, શુદ્ધભાવ તે ચંદ્રમા કહેવાય. (૧૨) જ્ઞાનદષ્ટિરૂપી હાથી તેની પાસે ઉદયરૂપી કૂતરો ભસીને ચાલ્યો જાય છે. (૧૩) ચેતના બે પ્રકારની છે. તેમાં જ્ઞાન ચેતના તે મોક્ષ અને કર્મ ચેતનાથી બંધ થાય છે. (૧૪) જ્યાં સુધી હૃદયમાં પ્રમાદ છે ત્યાં સુધી પરાધીનપણું છે. (૧૫) વૈરાગ્ય, શૃંગારની સાથે હોય નહિ. અને શૃંગારની સાથે વૈરાગ્ય પણ હોય નહિં, જ્ઞાન તે વૈરાગ્ય સાથે અને વૈરાગ્ય તે જ્ઞાન સાથે હોય પણ જુદા હોય નહિં. (૧૬) વીતરાગના વચનની અસરથી વિષય, કષાય, નિસ્વાદ ન લાગ્યા તો જાણવું કે વીતરાગના વચન કાને સાંભળ્યા નથી (૧૭) જગતનો માર્ગ પ્રમાદનો છે અને મોક્ષમાર્ગ અપ્રમાદનો છે. મન, વચન, કાયાથી કરેલ કર્મ તે તપ સંજમાદિ શુભ વ્યાપારે નાશ પામે. સત્તાએ રહેલ કમ, શુભ ઉપયોગે નિર્જરે મિથ્યાત્વના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાંધેલાં કર્મ, સમ્યકત્વથી જાય. અવિરતીના બાંધેલા કર્મ વિરતી કરવાથી જાય, કષાયથી બાંધેલા કર્મ, ઉપશમાદિકથી જાય. પ્રમાદથી બાંધેલા કર્મ અપ્રમાદથી જાય. ઇન્દ્રિય વિષયના બાંધેલા કર્મ તપસ્યા કરવાથી જાય. શુદ્ધ ઉપયોગે ધર્મ પોતાના દ્રવ્યગુણપર્યાયમાં તદાકાર, અશુદ્ધ ઉપયોગે રાગદ્વેષ તદઉપયોગે કર્મબંધ, શુભ ઉપયોગે પુણ્યબંધ, અશુભ ઉપયોગે પાપબંધ, પાપે અશાતા, પુણ્યે શાતા, કર્મે સંસાર અને ધર્મે મોક્ષ. ધર્મ તે આત્મસ્વભાવજનિત અને પુણ્ય પાપ તે કર્મજનિત. પુણ્ય તે બંધ છે, ભોગ છે, આશ્રવ છે અને ક્ષય પણ છે. ધર્મ તે સંવરરૂપ છે, નિર્જરારૂપ છે અને અક્ષય છે તે સમકિતીને હોય. જ્યાં સુધી જીવ સંકલ્પવિકલ્પમાં પ્રણમે છે ત્યાંસુધી કર્મ બંધાય છે. જીવ નિર્વિકલ્પભાવે પ્રણમે ત્યાં ધર્મ નીપજે. વિકલ્પે કર્મ, નિર્વિકલ્પ ધર્મ. કર્મ, ચેતના તે રાગદ્વેષરૂપે પ્રણમું, કર્મફલ ચેતના તે ઉદય આવેલા કર્મને વેદવું, દ્રવ્યકર્મ તે આઠ કર્મ, ભાવ કર્મ તે રાગદ્વેષાદિ અશુદ્ધ પરિણામ તે કર્મ. તે પાંચ શરીર કર્મ ચેતના તે ત્રસ જીવને હોય. કર્મફલ ચેતના તે એકેંદ્રિય જીવને હોય. જ્ઞાન ચેતના તે સમકિતીને હોય. પરાક્રમ તે ઉદયાનુસારે બલ તે શરીરનું વીર્ય તે આત્માનું, દ્રવ્ય નિર્જરા તે કર્મની વર્ગણાને ઘટાડવી. ભાવ નિર્જરા તે રાગદ્વેષ મોહાદિનું ઘટાડવું તે, દ્રવ્ય જ્ઞાન તે શાસ્ત્રાદિકનું પઠનરૂપ, ભાવજ્ઞાન તે આત્મના સ્વરૂપનું જાણપણું, અજ્ઞાનીનો નિશ્ચય તે જન્મ મરણનું કારણ છે અને જ્ઞાનીનો નિશ્ચય તે મોક્ષનું કારણ છે.

---

# વર્તમાન સમાચાર.

## શ્રી આત્માનંદ જૈન મહાસભા પંજાબનું ૧૯મું અધિવેશન.

**લુધિઆના (પંજાબ),** આચાર્યશ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મ. સા. ની છત્રછાયામાં અંબાલાનિવાસી શ્રીમાન્ જ્ઞાનચંદજી સબજજની અધ્યક્ષતામાં મહાસભાનું ૧૯ મું અધિવેશન ભા. સુ. ૮-૯ના રોજ ભરવામાં આવ્યું હતું. પંજાબભરના ઘણા નરનારીઓ એકત્ર થયા હતા. સમાજોપયોગી, ધર્મોપયોગી અને દેશોપયોગી ઘણા ઠરાવો પાસ કરવામાં આવ્યા હતા. તથા બાલમુનિશ્રી જનકવિજયજી મ. ની અઠ્ઠાઇ નિમિત્તે મહોત્સવ યોજવામાં આવ્યો હતો. સુદ ૧૧ના રોજ જગદ્ગુરુ શ્રીમદ્ વિજયહીરસૂરીશ્વરજી મ. ની જયંતી સમારોહપૂર્વક ઉજવવામાં આવી હતી, અને રાત્રીના લાલા કર્પૂરચંદજી જૈન ગૂજરાનવાલા નિવાસીની અધ્યક્ષતામાં સભા ભરવામાં આવી હતી.

---

## આચાર્ય મહારાજશ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગવાસતિથિ

આપણી સભા તરફથી પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ આસો શુદિ ૧૦ ને મંગળવારના રોજ આ. મહારાજશ્રી વિજયકમલસૂરીશ્વરજીની સ્વર્ગવાસતિથિ નિમિત્તે અત્રેના મોટા જિનાલયમાં શ્રી નવપદજીની પૂજા રાગ-રાગિણી સાથે ભણાવવામાં આવી હતી, જે સમયે જનતાએ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી તપોરત્ન મહોદધિ ( બીજી આવૃત્તિ. )

આગમો તથા પૂર્વાચાર્યકૃત ગ્રંથોમાંથી સંશોધન કરી ૧૬૨ તપોના નામ, તેની વિધિવિધાન દરેક તપોની ક્રિયાઓ સહિતની તેની હકીકતો ગુજરાતીમાં શાસ્ત્રીય ટાઇપથી પ્રતાકારે શુમારે ૧૭ ફોર્મ શુમારે બશેંહ પેજમાં છપાઇ તૈયાર થઈ ગયેલ છે. કિંમત રૂા. ૨-૦-૦ અગાઉથી પણ કેટલાક ગ્રાહકો થયેલ છે,

---

## સંસ્કૃત સીરીઝ પ્રકાશન ખાતું.

નીચેના ગ્રંથો સીલીકમાં જુજ છે, ફરી છપાવી શકાય તેમ નથી.

૧ શ્રીબૃહતકલ્પસૂત્ર ભાગ ૩-૪-૫ રૂા. પા રૂા. ૬। રૂા. ૫). ૨ કર્મગ્રંથ બીજો ભાગ (પાંચમોછઠ્ઠો)રૂા.૪-૦-૦. ૩ શ્રીઆદિનાથચરિત્રપ્રથમપર્વ(પ્રતતથાબુકાકારે)કિં.૧-૮. ૪ શ્રીકથારત્નકોષગ્રંથલેઝરપેપર.૧૦,ગ્લેઝપેપર૮-૮. ૫ જૈન મેઘદૂત રૂા. કિં. ૨-૦-૦. શ્રી કથા રત્નકોષ મૂળ લેઝર રૂા. ૧૦) ગ્લેઝડ રૂા. ૮-૮ પોસ્ટેજ જુદું.

---

## દેવાધિદેવ શ્રીતીર્થંકર ભગવાનોના તથા સત્ત્વશાળી પુરુષોના સુંદર સચિત્ર ચરિત્રો.

નીચેના ગુજરાતી ગ્રંથોની માત્ર થોડી કોપીયો સિલકે છે. ફરી તે પણ છપાઇ શકે તેમ નથી, જલદી લાભ લેવા જેવું છે—

| | |
|---|---|
| ૧ શ્રી આદિનાથ ચરિત્ર રૂા. ૫-૦-૦ | ૨ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર રૂા. ૨-૦-૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર (બીજો ભાગ) રૂા. ૨-૮-૦ | ૪ શ્રી વિમળનાથ ચરિત્ર રૂા. ૨-૦-૦ |
| ૫ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર રૂા. ૩-૦-૦ | ૬ શ્રી મહાવીર ચરિત્ર રૂા. ૩-૮-૦ |

---

## સત્ત્વશાળી અને આદર્શ પુરુષ ચરિત્રો.

શ્રી સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા (સચિત્ર) ૧-૦-૦ શ્રી જૈન નરરત્ન "ભામાશાહ" ૨-૦-૦ શ્રી પૃથ્વીકુમાર ( સુકૃતસાગર ) ચરિત્ર ૧-૦-૦ શ્રી સમરસિંહ ચરિત્ર શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર ૦-૪-૦ શ્રી કર્માશાહ ચરિત્ર શત્રુંજયનો સોળમો ઉદ્ધાર ૦-૪-૦ શ્રી કલિંગયુદ્ધ અને મહારાજા ખારવેલ ૦-૧૨-૦ શ્રી વિજયાનંદસૂરિ ૦-૮-૦. દરેક ગ્રંથ પ્રભાવશાળી મહાન નરરત્નના ચરિત્ર ખાસ મનન કરવા જેવા, ઉપદેશક અને સાદી અને સરળ ભાષામાં, સુંદર ટાઇપ, આકર્ષક બાઇન્ડીંગ અને ઉંચા કાગળોમાં પ્રગટ શ્રી દાનપ્રદીપ અનેક સુંદર કથાઓનો સંગ્રહ રૂા. ૩-૮-૦.

---

### શ્રી ચારિત્ર રત્ન ગણિ-વિરચિત—

## શ્રી દાનપ્રદીપ—

પંદરમા સૈકામાં ૬૬૭૫ શ્લોક પ્રમાણ રચેલા આ ગ્રંથનું આ સુંદર અને સરલ ગુજરાતીભાષાંતર છે.

**જિનાગમરૂપી અગ્નિ પાસેથી વિવિધ પ્રકારના અર્થરૂપી તેજને ગ્રહણ કરી જિન શાસન-રૂપી ઘરમાં દાનરૂપી દીવાને** પ્રગટ કરવા, આ ગ્રંથની બાર પ્રકાશમાં રચના કરી છે. દાનના અનેક ભેદો-પ્રકારો, તેના આચારોનું વર્ણન અને તે ઉપર દાનવીરોના ઉત્તમ ૪૨ સુંદર મનન કરવા યોગ્ય સુંદર ચરિત્રો-સુંદર કથાઓ સાથે આપવામાં આવેલ છે. સાથે દેશથી અને સર્વથી દયાનું વિવેચન, દાનના ગુણો અને દોષોનું વર્ણન વગેરે હકીકત વિસ્તારથી આપેલ છે. જીવનને સન્માર્ગ-દર્શક, પિતા પેઠે સર્વ ઇચ્છિત આપનાર, માતાની પેઠે સર્વ પીડા દૂર કરનાર, મિત્રના પેઠે હર્ષ વધારનાર, મહા મંગળરુપ, આત્મજ્ઞાનની ભાવનાઓ સ્ફૂરિત કરનાર, નિર્મળ, સમ્યક્ત્વ, શ્રાવકત્વ, પરમાત્મત્વ પ્રગટ કરાવનાર દેદીપ્યમાન દાનધર્મરુપી દીવો જિન પ્રવચનરુપી ઘરને વિષે ચોતરફ પામી અનેક જીવોને મોક્ષ પ્રાપ્ત કરાવે છે. એકંદરે આ અપૂર્વ ગ્રંથ નિરંતર પઠન પાઠન કરવા જેવો છે. ૫૦૦ પાનાનો ઉંચા પેપર ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાયેલ છે. કિં. રૂા. ૩-૮-૦ પોટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

# જરા....આની....ઉપર....નજર....ફેરવી....જજો

# સંગ્રહવા યોગ્ય સુંદર સાહિત્ય.

(૧) **સપ્તસંધાનમહાકાવ્યં**—('સરણી' નામક ટીકા યુક્ત) ટીકાકર્તા: કવિવાચસ્પતિ આચાર્ય શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ. ડેમી આઠ પેજી સાઈઝ, સુંદર બાઈંડીંગ, પૃષ્ઠ ૪૫૦ છતાં મૂલ્ય માત્ર રૂપિયા ચાર.

મૂળકર્તા શ્રી મેઘવિજયજી ઉપાધ્યાય સત્તરમી સદીના સમર્થ વિદ્વાન હતા. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના દ્વયાશ્રય મહાકાવ્યની માફક આ ગ્રંથની પણ એ જ વિશિષ્ટતા છે કે-એક એક શ્લોક સાત અર્થવાળો છે. અભ્યાસક મુનિને આ ગ્રંથ સારો રસ ઉત્પન્ન કરવા સાથે જ્ઞાનવૃદ્ધિ કરાવે છે.

(૨) **સાહિત્યશિક્ષામંજરી**—કર્તા: મુનિરાજશ્રી ધુરંધરવિજયજી. ક્રાઉન સોળ પેજી સાઈઝ, સુંદર ટકાઉ બાઈંડીંગ, પૃષ્ઠ ૧૧૦: મૂલ્ય લેઝર પેપર રૂા. એ: ગ્લેઝ રૂા. દોઢ.

'સંદેશ' પત્રમાં પ્રગટ થતા સાહિત્ય ને રસાસ્વાદના વિદ્વાન સંપાદક શ્રી પૂર્ણાનંદ ભટ્ટે આ ગ્રંથની પર્યાલોચના સુંદર રીતે કરીને આ પુસ્તકની ઉત્તમતા અને મૌલિકતા માટે પ્રશંસાનાં પુષ્પો વેર્યાં છે.

શ્લોકોની રચના, છંદોના પ્રકારો, ગુણ-દોષ, અલંકારો અને રસો સંબંધી સૂક્ષ્મ છણાવટ કરતું આ સુંદર પુસ્તક દરેક મુનિરાજે રાખવા યોગ્ય છે.

(૩) **પરમાત્મસંગીતરસસ્રોતસ્વિની**—કર્તા: મુનિરાજશ્રી ધુરંધરવિજયજી. ક્રાઉન સોળ પેજી સાઈઝ, સુંદર બાઈંડીંગ છતાં મૂલ્ય માત્ર આઠ આના.

સંગીતના નવા અભ્યાસકો માટે આ પુસ્તક સારા શિક્ષકરૂપ છે. તાલ, માત્રામેળ અને રાગ-રાગણીની સારી સમીક્ષા કરવામાં આવી છે. આ પુસ્તકના અભ્યાસથી ઘરમેળે સંગીતનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે.

(૪) **શ્રી આદિજિન પંચકલ્યાણક પૂજા**—કર્તા: મુનિરાજશ્રી ધુરંધરવિજયજી. મૂલ્ય ચાર આના. સો નકલના રૂા. વીસ.

શ્રી ઋષભદેવના પંચ કલ્યાણકોને મનોહર રાગ-રાગિણીમાં ગુંથતી આ પુસ્તિકા પૂજાપ્રેમીઓને ખાસ આકર્ષક અને બોધપ્રદ નીવડશે. સંગીતકાર મા. દીનાનાથ જેવાએ આ પૂજાની મુક્તકંઠે પ્રશંસા કરી છે.

(૫) **શ્રી ગિરનારજી તીર્થનો પરિચય**—કર્તા મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મૂલ્ય ચાર આના. સો નકલના રૂા. વીસ.

પવિત્ર ગિરિરાજ શ્રી રૈવતાચલની યાત્રા તો ઘણા યાત્રિકો કરે છે, પરન્તુ તેના સંપૂર્ણ ઇતિહાસના અભાવે પૂરેપૂરો લાભ લેવાતો નથી. આ પુસ્તિકામાં તેને લગતી સંપૂર્ણ વિગત દર્શાવવા સાથે કેટલાક નવીન સ્તોત્રો અને સ્તુતિઓનો સમાવેશ કર્યો છે.

(૬) **વૈરાગ્યશતક**—કર્તા આચાર્ય શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ. ફુલ્સકેપ સોળ પેજી, પૃષ્ઠ ૧૩૬, સુંદર બાઈંડીંગ, મૂલ્ય રૂા. એક.

વૈરાગ્યને પોષે તેવી ભાવવાહી શૈલીમાં આ શતકનું વિવેચન વિદ્વાન આચાર્યશ્રીએ સરલ ને રોચક ભાષામાં કર્યું છે. એક વખત વાંચવા માટે પુસ્તક હાથમાં લીધા પછી તમને સંપૂર્ણ વાંચ્યા સિવાય નીચે મૂકવાનું મન નહીં થાય. સામાયિકમાં સ્વાધ્યાય કરવા માટે પણ આ પુસ્તક ઉત્તમ છે.

સંપૂર્ણ સેટ મગાવનાર માટે રૂા. સાત
સાત સેટ મગાવનાર માટે સવા ૭ ટકા કમીશન } પોસ્ટેજ અલગ

**પ્રાપ્તિસ્થાન:—શાહ બાલુભાઇ રૂગનાથ,**
જમાદારની શેરી, ભાવનગર (કાઠિયાવાડ).

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ : દાણાપીઠ—ભાવનગર.

For Private And Personal Use Only